सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ: | ૨૧–૧૨–૨૦૨૦ | | |
| દાખલ તારીખ: | ૨૧–૧૨–૨૦૨૦ | | |
| ફેંસલ તારીખ: | ૧૩–૦૫–૨૦૨૬ | | |
| **<u>અ વ ધિ :</u>** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૫ | ૦૪ | ૨૪ |

**<u>મહે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.માંડવી–કચ્છ</u>**

**<u>રે.દિ.મુ.નં. ૫૧/૨૦૨૦</u>**
**<u>આંક :– ૭૦/એ</u>**

(૧) **નવલસિંહ ઉર્ફે નવુભા જીતુભા જાડેજા, ઉ.વ.૭૫,**
રહે.ભોજાય, તા.માંડવી–કચ્છ

(૨) **હરદેવસિંહ નટુભા ઉર્ફે નિર્મલસિંહ જાડેજા, ઉ.વ.૫૦,** ... **વાદીઓ**
રહે.ભોજાય, તા.માંડવી–કચ્છ

**<u>:: વિ રૂ ધ્ધ ::</u>**

(૧) **ભાગ્યવંતીબેન મહેન્દ્ર શાહ (સંગોઈ), ઉ.વ.આ.૭૦,** ... **પ્રતિવાદીઓ**
રહે.નવનીત નગર ઈ–વીંગ ૬૦૫/૬, માલાધોધા
હચરિશ તેજ દીસ્લે પાડા, ડોંબીવલી ઈસ્ટ

(૨) **ગોરબાઈ કલ્યાણજી શાહ, ઉ.વ.૮૫,**
રહે.રાધા નિવાસ તુલીજ રોડ, વરતક
ટાવરની સામે, પતંગીયા વાડી, બીજે માળે રૂમ
નં.૨૮, નાલા સોપારા(ઈ) જી.થાણા મહારાષ્ટ્ર

(૩) **દિપચંદ કલ્યાણજી શાહ (પાસડ), ઉ.વ.૩૨,**
રહે.રાધા નિવાસ તુલીજ રોડ, વરતક
ટાવરની સામે, પતંગીયા વાડી, બીજે માળે રૂમ
નં.૨૮, નાલા સોપારા(ઈ) જી.થાણા મહારાષ્ટ્ર

**<u>(૪) સ્વ.નવીન કલ્યાણજી શાહના વારસો :–</u>**
**૪/૧. ઉષાબેન વા/ઓ.નવીન શાહ (પાસડ), ઉ.વ.૬૧,**

**૪/૨. ભાવના ડો/ઓ.નવીન શાહ (પાસડ)**
**વા/ઓ. ગુજન ગડા, ઉ.વ.૩૮,**
**૪/૩. કેતન નવીન શાહ (પાસડ), ઉ.વ.૩૪,**
**૪/૪. ધવલ નવીન શાહ (પાસડ), ઉ.વ.૩૧,**
તમામ રહે.નિલકંઠ એપાર્ટમેન્ટ તિલક ક્રોસ રોડ,
ગુમાતક હોલની ગલીમાં, ડોંબીવલી (ઈ)
મહારાષ્ટ્ર,

(૫) **મણીબેન ડો/ઓ.કલ્યાણજી શાહ (પાસડ)**
**વા/ઓ. પ્રવિણ દેઢીયા, ઉ.વ.પર,**
રહે.આઝાદ નગર ચાલ નં.૨૦, રૂમ નં.૪, કીરવાઈ
રોડ, વડાલા, મુંબઈ

(૬) **ઠાકરશી કેશવજી ગડા, ઉ.વ.૬૬,**
રહે.૯૦૨ વિરા હાઈટસ ૩૦૪, બીમાણી સ્ટ્રીટ,
માટુંગા, મુંબઈ

<u>બાબત :-</u> **ગામ-ભોજાય, તા.માંડવીની સીમ હદમાં આવેલ ખેતીની જમીન કબજા ગીરોમાંથી મુકત કરાવવા અંગેનો દાવો...**

વાદી પક્ષ તરફે વિ.વ.શ્રી વી. વી. મહેશ્વરી
પ્રતિવાદી પક્ષ તરફે વિ.વ.શ્રી બી.પી. ગોસ્વામી, કે. બી. ઓઝા

**-: ઠ રા વ :-**

(૧) વાદી પક્ષના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીઓની ખેતીની જમીન ગામ ભોજાય, તા.માંડવીની સીમ હદમાં આવેલ વડીલોપાર્જીત ખેતીની જમીન જેના રેવન્યુ સર્વે નં.૪૭૮, જેના જુના રેવન્યુ સર્વે નં. ૩૦૪ જેનું ક્ષેત્રફળ હેકટર ૪-૦૦-૦૮ ખેતર નામે ખડીયો છે, જે જમીનના મુળભુત માલિક જાડેજા કારૂભા તેજમાલજી હતા અને તેઓએ સદરહુ ખેતીની જમીન સંવત ૧૯૬૫ માં ૨૫૦૦ કોરીમાં શાહ ગાંગજી વેલજી પાસેથી કબજા ગીરોથી ગીરો મુકવામાં આવેલ,

આમ આ જમીનની માલિકી કારૂભા તેજમાલજી જાડેજાની હતી અને તેઓના અવસાન બાદ તેમના પુત્ર સંતાન જાડેજા જીતુભા કારૂભાને પ્રાપ્ત થયેલી સને ૧૯૫૫ માં જ્યારે ગામ ભોજાય સીમની ખેતીની જમીનનું સર્વે થયુ અને ખેતરવાર પત્રકનો ઉતારો બન્યો તેમા પણ માલધણી જાડેજા જીતુભા કારૂભા હતા અને ડોકરેદાર તરીકે શાહ ગાંગજી વેલજી હતા તેવો ઉલ્લેખ જે તે વખતે ટીપ્પણ તેમજ ખેતરવાર પત્રકના ઉતારામાં કરવામાં આવેલ છે.

**(૧.૧)** ત્યાર બાદ આ કામના પ્રતિવાદી નં.૧ થી ૫ વાળાઓએ શાહ ગાંગજી વેલજીના ઉતરોતર વારસદારો છે તેવુ કહી રેવન્યુ રેકર્ડે વારસાઈ નોંધ પડાવેલી છે, એટલુ જ નહિ પ્રતિવાદીઓ વ્યવસાયે વેપારી હોય જાતે ખેતી કરતા નથી, ખરેખર આ જમીન કારૂભા તેજમાલજી જાડેજાએ શાહ ગાંગજી વેલજી પાસે સંવત ૧૯૬૫ માં કબજા ગીરોથી ગીરો મુકેલ, ત્યાર બાદ સ્વર્ગસ્થ ગાંગજી વેલજી શાહ જેઓ વેપારઅર્થે કાયમી મુંબઈ મધ્યે માઈગ્રેડ થતા તેઓએ આ જમીન જીતુભા કારૂભાને પરત સોંપેલ પરંતુ જે તે વખતે જીતુભા કારૂભા પાસે ગાંગજી વેલજીની લેણી કોરી ૨૫૦૦ ભરપાઈ કરી શકે તેમ ન હોય ગીરો મુકિતનું ખત કરાવી લેવાનું રહી જવા પામેલ છે પરંતુ આ જમીનનો પ્રત્યક્ષ કબજો જીતુભા કારૂભા ધરાવતા હતા અને જીતુભા કારૂભાના અવસાન બાદ હાલે આ જમીનનો પ્રત્યક્ષ કબજો વાદીઓ ધરાવે છે, આ બાબતની જાણ પ્રતિવાદી નં.૧ થી ૫ વાળાને હોવા છતા વાદીઓના ગીરો મુકિતનો ખત કરાવી લેવાના હકકોને નુકશાન પહોંચાડવાના ઈરાદાથી પ્રતિવાદી નં.૧ થી ૫ વાળા વેંચસાટ કરવાની તજવીજ હાથ ધરતા હોય, તા.૯–૬–૨૦૨૦ ના વકીલ મારફતે કોઈ

ગેરકાયદેસર રીતે આ જમીન વેંચાણ ન લે તે બાબતે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ તેમ છતા પ્રતિવાદી નં.૧ થી ૫ તથા નં.૬ વાળા ઠાકરશી કેશવજી ગડા એકબીજાના મેળાપીપણામાં અંદરો અંદર રૂપિયા ૭૧૦૦૦૦/– નો અવેજ દર્શાવી ખોટો વેંચાણ દસ્તાવેજ તા.૧૧–૫–૨૦૧૬ ના અરસામાં ઉભો કરવામાં આવેલ છે, જેથી આ કામના પ્રતિવાદીઓનો અનધિકૃત કૃત્ય છે અને પ્રતિવાદીઓ વાદીના કબજા ગીરોમાંથી મુકત કરાવવાના હકકોને મુકત કરવા ખોટી નોંધો પડાવેલ છે તેમજ ખોટો વેંચાણ દસ્તાવેજ પણ કે જેની કોઈ સ્થાનિકે અસર પણ થયેલ નથી તેવો ઉભો કરવામાં આવેલ છે, જેથી વાદીએ વકીલશ્રી મારફતે હાલના પ્રતિવાદીઓને તેમનું અનધિકૃત કૃત્ય આગળ નહિ વધારવા તેમજ કરેલ વેંચાણ દસ્તાવેજ રદ્દ કરાવવા અને જે તે સમયની કોરી ૨૫૦૦ ના હાલના ચલણના રૂપિયા ૮૩૩/– સ્વીકારી ગીરો મુકિતનો ખત પ્રતિવાદીઓ વાદીને કરી આપે અને પ્રત્યક્ષ કબજો સોંપ્યા બદલનો લેખ એટલે કે ગીરો મુકિતનો ખત પ્રતિવાદીઓ વાદીને સોંપી આપે અને અસલ ગીરો ખત પણ પ્રતિવાદીઓ વાદીને સોંપી આપે તે બાબતે તા.૨૦–૭–૨૦૨૦ ના રોજ લેખિતમાં નોટીસ કરવામાં આવેલ તેમ છતા તેનો કોઈ પ્રતિ ઉતર આપેલ નથી તેમજ પ્રતિવાદી નં.૨, ૪, ૫ વાળાએ ઈરાદાપુર્વક સાચા સરનામા હોવા છતા રજીસ્ટર્ડ એડી. પોસ્ટ નહિ સ્વીકારતા પરત ફરેલ છે, જેથી હાલનો દાવો દાખલ કરવાનો પ્રતિવાદીઓ વિરૂધ્ધ કારણ ઉભુ થયેલ છે જે હાલે ચાલુમાં છે.

**(૧.૨)** દાવાનું કારણ દાવાવાળી જમીન જે ગામ ભોજાય, તા. માંડવીની સીમ હદમાં આવેલ છે જે ખેતર નામે ખડીયો, જેના રેવન્યુ સર્વે નં.૪૭૮ જેના જુના રેવન્યુ સર્વે નં.૩૦૪ જેનું ક્ષેત્રફળ

હેકટર ૪–૦૦–૦૮ વાળી ખેતીની જમીન સંવત ૧૯૬૫ માં કબજા ગીરોથી વાદીઓના વડીલોએ પ્રતિવાદીઓના વડીલ પાસે મુકેલ હોતા તે ગીરો મુકત કરાવવા માટે વાદીએ પ્રતિવાદીને તા.૧૨–૭– ૨૦૨૦ ના રોજ લીગલ નોટીસ પાઠવતા અને તે નોટીસનો પ્રતિવાદીઓએ કોઈ જવાબ આપેલ નથી, જેથી દાવાનું કારણ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ઉભુ થયેલ છે જે હાલે ચાલુમાં છે.

(૧.૩) દાવાવાળી ખેતીની જમીન ગામ ભોજાય, તા.માંડવીની સીમ હદમાં આવેલ હોય અને ગીરો મુકિતના ખતનું નાણાકીય રીતે મુલ્ય જોતા તેમજ પ્રાદેશિક રીતે જોતા પણ હાલનો દાવો ચલાવવા નામદાર અદાલતને નાણાકીય તેમજ પ્રાદેશિક રીતે બન્ને રીતે હકુમત પહોંચે છે. દાવાવાળી જમીન ખેતીની જમીન છે અને તે ગીરો મુકત કરાવવા માટેનો દાવો હોય, ગીરો ખતની રકમ રૂ.૮૩૩/– હોય તે ઉપર થતી કોર્ટ ફી સ્ટેમ્પ રૂ.૧૦૦/– નો આથી રજુ છે. દાવાવાળી ખેતીની જમીન કબજા ગીરોથી વાદીઓના વડીલે પ્રતિવાદીઓના વડીલ પાસે સંવત ૧૯૬૫ ના કબજાગીરોથી કોરી ૨૫૦૦ માં મુકેલ હોય અને તે કબજા ગીરોથી મુકત કરાવવા માટે પ્રતિવાદીઓને તા. ૧૨–૭–૨૦૨૦ ના રોજ નોટીસ પાઠવેલ પરંતુ તેનો કોઈ પ્રતિ ઉતર ના આપી ગીરો મુકત કરવાનો ઈન્કાર કરેલ હોય ત્યારથી દાવાનું કારણ ઉભુ થયેલ હોય તે રીતે દાવો સમય મર્યાદામાં આણવામાં આવેલ છે.

(૧.૪) વાદીઓએ દાવા અરજીમાં માંગણી કરી જણાવેલ છે કે, ગામ–ભોજાય, તા.માંડવીની સીમ હદમાં આવેલ ખેતીની જમીન ખેતર નામે ''ખડિયો'' જેના રેવન્યુ સર્વે નં.૪૭૮ જુના રેવન્યુ સર્વે નં.૩૦૪ જેનું ક્ષેત્રફળ હેકટર ૪–૦૦–૦૮ વાળી ખેતીની જમીન વાદીઓના

વડીલ કારૂભા તેજમાલજીનાઓએ સંવત ૧૯૬૫ માં પ્રતિવાદી નં.૧ થી ૫ ના વડીલ શાહ ગાંગજી વેલજી પાસે કબજાગીરોથી કોરી ૨૫૦૦ માં મુકવામાં આવેલ છે અને તે રીતે વાદી કારૂભા તેજમાલજીના વારસ પુત્ર હોય તેમજ પ્રતિવાદી નં.૧ થી ૫ વાળાના શાહ ગાંગજી વેલજીના ઉતરોતર વારસદારો હોય આ જમીન વાદી પ્રતિવાદી પાસેથી ગીરો મુકત કરાવવા માટે હકક અધિકાર ધરાવે છે તેવુ ઠરાવી પ્રતિવાદી નં.૧ થી ૫ વાળા વાદી પાસેથી કોરી ૨૫૦૦ નું હાલના ચલણનું રૂપાંતર કરતા રૂા.૮૩૩/– સ્વીકારી પ્રતિવાદી નં.૧ થી ૫ વાળા ગીરો મુકિતનો ખત વાદીની તરફેણનો કરી આપે તેમજ અસલ ગીરો ખત પ્રતિવાદીઓ વાદીને સોંપી આપે તેવો હુકમ તેમજ હુકમનામુ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા, તેમજ પ્રતિવાદી નં.૧ થી ૫ વાળાએ પ્રતિવાદી નં.૬ ની તરફેણનો તા.૧૧–૫–૨૦૧૬ નો દાવાવાળી જમીન એટલે કે ગામ ભોજાય તા.માંડવીની સીમમાં આવેલ ખેતીની જમીન રેવન્યુ સર્વે નં.૪૭૮ જેના જુના સર્વે નં.૩૦૪ જેના હેકટર ૪–૦૦–૦૮ વાળાનો કરવામાં આવેલો વેંચાણ દસ્તાવેજ બિનઅમલી હોવાનો તેમજ વાદીને કે દાવાવાળી જમીનને બંધનકર્તા નથી તેવુ ઠરાવી આપતો હુકમ તેમજ હુકમનામુ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા, તેમજ આ કામના પ્રતિવાદી નં.૧ થી ૬ વાળાએ દાવાવાળી જમીન ઉપર કોઈ ભાર બોજ ઉભો કરેલ હોય તો તે માટે વાદી કે દાવાવાળી જમીનને બંધનકર્તા નથી તેવુ ઠરાવી તે ભારબોજ પ્રતિવાદીઓએ જાતે ભોગવવો તે મતલબનો હુકમ તેમજ હુકમનામુ થવા, તેમજ પુરાવા અને હકીકતની રૂએ મળી શકતી હર કોઈ દાદ તેઓને અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) પ્રતિવાદીઓને વાદીઓના દાવાનો સમન્સ/નોટીસ ઈસ્યુ કરતા, આ કામના પ્રતિવાદી નં.૧ થી ૩, ૫ તથા ૬ નાઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક-૩૬ થી દાવા જવાબ તથા મનાઈ હુકમની અરજીનો જવાબ રજુ કરેલ છે અને તેમા વાદીઓના દાવાની સ્વીકૃત કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો કે કાયદેસરનો નથી અને આ દાવામાં કરવામાં આવેલી માંગણી કાયદા કે હકીકતની દ્રષ્ટિએ બિલકુલ ચાલવાપાત્ર નથી, આ કામના વાદીનો ગીરો/વીટાંતર અંગેનો કોઈ પણ જાતનો દસ્તાવેજી આધાર રજુ કરવામાં આવેલ નથી અને આ કામના વાદીના આધારોમાં માર્ક ૩/૧ ટીપ્પણ રજુ કરવામાં આવેલ તે સિવાય આ કામના વાદીના ગીરો સંબંધેના કોઈ લેખિત દસ્તાવેજી આધાર પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી કે આ કામે વાદીનું પેઢીનામુ રજુ કરવામાં આવેલ નથી કે ચતુર્દીશા જણાવવામાં આવેલ નથી તેમજ રેવન્યુ રેકર્ડની કોઈ પણ નોંધ રજુ કરવામાં આવેલ છે જેમા પણ વાદીની કારૂભા તેજમાલજી જાડેજાનું નામ નથી, આ દાવાવાળુ ઠામ ગીરો હોવા અંગેનો કોઈ પણ જાતનો દસ્તાવેજી આધાર વાદી ધ્વારા દાવા સાથે રજુ થતો નથી, આ દાવાવાળુ ઠામ શાહ ગાંગજી વેલજીનો અઘાટ માલિકીનો આવેલ છે, આ ઠામ કયારે ગીરો આવેલ જ નથી, જેથી દાવો સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૧૧ મુજબ રદ્દ થવા પાત્ર છે, તેમા પણ ખાસ કરીને રેવન્યુ રેકર્ડની નોંધો રજુ કરેલ નથી તે વાદીએ નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરેલ છે અને પુરતા આધારો રજુ નહિ કરીને ગુજરાત લેન્ડ રેવન્યુ કોડની જોગવાઈઓનું પણ ભંગ કરેલ છે, આ કામના વાદી ગીરો અંગેનો ખોટો દાવો નામદાર શ્રી સમક્ષ ખોટો ઉભો કરવામાં આવેલ છે જે પ્રથમદર્શનીય આ દાવો ચાલવા

કે ટકવાપાત્ર થતો ન હોય ખર્ચ સહિત દાવો નામંજૂર થવા પાત્ર છે તથા આંક–૫ નો મનાઈ હુકમની અરજી ચાલવા કે ટકવાપાત્ર થતી નથી, આમ આ દાવો લાવવા વાદીને કોઈ પણ જાતનું કારણ ઉત્પન્ન થયેલ નથી.

વધુમાં જણાવેલ છે કે, વાદીની દાવા અરજીના પેરા–૧ માં કચ્છ જીલ્લાના માંડવી તાલુકાના ગામ ભોજાય મધ્યે નવા સર્વે નં. ૪૭૮ અને જુના સર્વે નં.૩૦૪ હેકટર ૪–૦૦–૦૮ આરેવાળો સાચો છે અને પ્રતિવાદી નં.૬ માંડવી સબ રજીસ્ટ્રાર કચેરીના રજીસ્ટર્ડ દસ્તાવેજ નં.૧૪૭૨ તા.૧૧–૫–૨૦૧૬ થી ખરીદ કરેલ જેની ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૧૯૮૭ થી સ્વતંત્ર માલિકી કબજા, ભોગવટામાં આવેલ છે તે સિવાયની હકીકત વાદી તમામ હકીકતો ખોટી જણાવે છે, આ સંબંધેનો કોઈ પણ જાતનો વીટાંતર કે ગીરોનો દસ્તાવેજ સંવત ૧૯૬૫ નો ૨૫૦૦ કોરીનો રજુ કરવામાં આવેલ નથી, આ કામે માર્ક ૩/૧ તથા ૩/૨ ના આધારોમાં ગીરો હોવા અંગેની કોઈ હકીકત રજુ થતી નથી, આ કામના રેવન્યુ રેકર્ડની નોંધ કોઈ પણ જાતની નોંધ રજુ કરેલ તેમા સ્પષ્ટપણે આ ગીરો મિલ્કત નથી, આ કામે માર્ક ૩/૧ માં ટીપ્પણ જેથી આ કામના વાદી ગીરો હકક છોડાવવા હકકદાર બનતા જ નથી જે દિવા જેવુ સ્પષ્ટ છે, આ કામે ચતુર્દીશા જણાવવામાં આવેલ નથી, આ કામના વાદી ધ્વારા કથન મુજબ ગીરો અંગેનો કોઈ પણ જાતનો દસ્તાવેજી આધાર આ દાવામાં રજુ કરવામાં આવેલ નથી અને આ દાવાવાળો ઠામ કયારે પણ જીતુભા કારૂભા જાડેજાનો કયારે પણ પ્રત્યક્ષ કબજો, ભોગવટો આવેલ નથી તથા આ કામના વાદીઓનો કયારે પણ કબજો ભોગવટો આવેલ નથી, આ દાવાવાળુ ઠામ પ્રતિવાદી નં.૧ થી ૫ ના વડીલ ખેડતા પોખતા હતા અને

પ્રતિવાદી નં.૧ થી ૫ વાળાના વારસાઈ હકકે સંયુકત કબજા, ભોગવટામાં આવેલ હતો અને સને ૨૦૧૬ માં પ્રતિવાદી નં.૬ વાળાને સબ રજીસ્ટ્રાર સમક્ષ અઘાટ વેંચાણનો દસ્તાવેજ બનાવી વેંચાણ કરી કબજો સોંપી આપેલ છે, આ કામના વાદીઓએ જે પ્રતિવાદીઓની જમીન ઉપર ખોટી રીતે ગેરકાયદેસરના ખોટા હકકો ઉભા કરવા વાદીઓએ તથા તેના સંકળાયેલા જમીન માફીયાઓ ધ્વારા પ્રતિવાદીઓને ખોટી રીતે હેરાન પરેશાન કરવા તેમના વકીલશ્રી ધ્વારા ખોટી રીતે નોટીસ કરવામાં આવેલ છે, આ ખોટી નોટીસનો આ દાવામાં ખોટો પુરાવો ઉભો કરવા અને ખોટા દાવા નામદાર કોર્ટ સમક્ષ કોઈ પણ જાતના દસ્તાવેજી આધાર પુરાવા વિના આ ખોટો દાવો આણેલ છે, આમ વાદીનો દાવો ખરો કે કાયદેસરનો નથી, વાદીનો આ દાવો કરવા કોઈ પણ જાતનું કારણ ઉત્પન્ન થયેલ નથી, પ્રતિવાદીને ખોટી રીતે હેરાન પરેશાન કરવા વાદી આ ખોટો દાવો કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, વાદીને દાવાનું કારણ ઉત્પન્ન થયેલ નથી, માત્ર નોટીસ કરવાથી વાદીનું કોઈ કારણ ઉભુ થતુ નથી, આ કામના વાદીઓ સંવત ૧૯૬૫ નો કોઈ પણ જાતનો દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરેલ નથી, જેથી વાદીનો દાવો પ્રથમદર્શનીય ચાલવા કે ટકવાપાત્ર થતો નથી, આ કામના વાદીઓનો કયારે કબજો, ભોગવટો અને ગીરો આવેલ નથી, જેથી આ કામના વાદીઓનું કોઈ પણ જાતનું ગીરો અંગેનો રેવન્યુ રેકર્ડની નોંધો તથા કોઈ દસ્તાવેજી આધારો રજુ થતા ન હોય તેમજ આ કામના વાદીઓ પ્રતિવાદી નં.૬ વાળાનો રૂા.૭૧૦૦૦૦/– દસ્તાવેજની હકીકત રજુ કરેલ છે જે મુજબ વાદીઓએ કોર્ટ ફી ભરવી પડે જે આ કામના વાદીઓએ ભરેલ નથી કે આ રકમની કોર્ટ ફી નામદાર કોર્ટ સમક્ષ ભરી આપવાની ખાતરી

આપેલ નથી, આ દાવો લીમીટેશન એકટની કઈ જોગવાઈ તળે દાવો દાખલ કરવામાં આવેલ છે તે હકીકત આ કામના વાદીઓએ જણાવેલ નથી, સી.પી.સી.ની જોગવાઈ મુજબ જે દાવો દાખલ કરતી વખતે તે હકીકત જણાવવી જોઈએ, આ દાવામાં કોઈ પણ જાતનો દસ્તાવેજી આધાર રજુ થતો નથી તેમજ ગીરો બંધીની મુદત અંગે કોઈ હકીકત નામદાર કોર્ટ સમક્ષ રજુ થતી નથી, જેથી વાદીનો દાવો ખર્ચ સહિત નામંજૂર થવા તેમજ વાદીઓ ધ્વારા ખોટો દાવો તથા મનાઈ હુકમની માંગણી કરેલ હોય આ ખોટો દાવો કરવા બદલ પ્રતિવાદીઓને શારીરિક માનસિક ત્રાસ આપવા બદલ આ કામના વાદીઓ પાસેથી પ્રતિવાદીઓને રૂા.૧૦૦૦૦૦૦/– નું વળતર અપાવવા તથા વાદીઓ વિરૂધ્ધ ખોટા દાવા બદલ દંડાત્મક તથા શિક્ષાત્મક કાયદેસરની કાર્યવાહી કરવા હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે.

**(૨.૧)** જયારે આ કામના પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૪ નાઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૪૦ થી પુરશીષ રજુ કરી આ કામે પ્રતિવાદી નં.૧ થી ૩, ૫ તથા ૬ વાળા તરફે આંક–૩૬ થી જે દાવા જવાબ તથા જવાબ રજુ કરવામાં આવેલ છે તે મુજબનો પ્રતિવાદી નં. ૪/૧ થી ૪/૪ વાળાનો દાવા જવાબ તથા જવાબ હોવાનું જાહેર કરેલ છે.

**(૩)** આ દાવાના નિર્ણય માટે આંક–૪૧ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે :–

૧. શું વાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી મિલ્કત તેમની વડીલોપાર્જીત મિલ્કત છે ?

૨. શું વાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી મિલ્કત વાદીઓના વડીલ પ્રતિવાદીઓના વડીલ પાસે સંવત ૧૯૬૫ માં કબજા ગીરોથી કોરી ૨૫૦૦ માં ગીરો મુકેલ છે ?

૩. શું વાદીઓ પુરવાર કરે છે કે, તેઓ દાવાવાળી મિલ્કત પ્રતિવાદીઓ પાસેથી ગીરો મુકત કરાવવા હકકદાર છે ?

૪. શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી મિલ્કત પ્રતિવાદી નં.૬ ની માલિકી તથા કબજા ભોગવટાની છે ?

૫. શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, સદરહુ દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે ?

૬. શું વાદીઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૭. શું હુકમ અને હુકમનામું ?

(૪) આ કામે કાઢવામાં આવેલ મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે :–

૧. નકારમાં,

૨. નકારમાં,

૩. નકારમાં,

૪. હકારમાં,

૫. હકારમાં,

૬. નકારમાં,

૭. આખરી હુકમ મુજબ.

(૫) આ દાવાના કામે વાદી પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે :–

**<u>મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૪૨ | વાદી નં.૧– નવલસિંહ ઉર્ફે નવુભા જીતુભા જાડેજાનું પુરાવાનું સોગંદનામુ |
| (૨) | ૫૩ | વાદી નં.૨– હરદેવસિંહ નટુભા ઉર્ફે નિર્મલસિંહ જાડેજાનું પુરાવાનું સોગંદનામુ |
| (૩) | ૫૪ | સાહેદ ગીરીશસિંહ રાસુભા જાડેજાનું પુરાવાનું સોગંદનામુ |

આ કામના વાદીઓ તથા સાહેદની પ્રતિવાદીઓના વિ.વ.શ્રી દ્ધારા લંબાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે જેની ચર્ચા મુદ્દાઓની ચર્ચા સાથે કરવામાં આવશે.

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | વિગતો |
|---|---|---|
| (૧) | ૪૪ | સર્વે નં.૩૦૪ ના ટીપ્પણની ખરી નકલ |
| (૨) | ૪૫ | સર્વે નં.૩૦૫ ના ટીપ્પણની ખરી નકલ |
| (૩) | ૪૬ | ગામ નમુના નં.૭ ની ખરી નકલ |
| (૪) | ૪૭ | પ્રતિવાદીઓને કરેલ નોટીસની નકલ |
| (૫) | ૪૮ | રજીસ્ટર્ડ એડી.ની પહોંચ અસલ |
| (૬) | ૪૯ | પ્રતિવાદી નં.૨ ને કરેલ નોટીસનું પરત આવેલ બંધ કવર |
| (૭) | ૫૦ | પ્રતિવાદી નં.૪ ને કરેલ નોટીસનું પરત આવેલ બંધ કવર |
| (૮) | ૫૧ | પ્રતિવાદી નં.૫ ને કરેલ નોટીસનું પરત આવેલ બંધ કવર |

વાદી પક્ષ તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, આંક–૫૭ ની કલોઝીંગ પુરશીષથી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**(૬)** આ દાવાના કામે પ્રતિવાદી પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે :–

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૬૦ | પ્રતિવાદી નં.૬ – ઠાકરશી કેશવજી ગડાનું પુરાવાનું સોગંદનામુ |

આ કામના પ્રતિવાદી નં.૬ ની વાદીઓના વિ.વ.શ્રી ધ્વારા લંબાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેની ચર્ચા મુદ્દાઓની ચર્ચા સાથે કરવામાં આવશે.

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગતો |
|---|---|---|
| (૧) | ૬૫ | પ્રતિવાદી નં.૬ ની ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૧૯૮૭ ની ખરી નકલ |

સદરહુ કામે પ્રતિવાદી નં.૬ વાળા તરફે આંક–૬૬ થી પુરશીષ રજુ કરી આ કામે પ્રતિવાદી નં.૬ વાળાએ પુરાવો રજુ કરેલ છે જે મુજબનો પ્રતિવાદી નં.૧ થી ૫ વાળાનો પુરાવો હોય, જેથી વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, પ્રતિવાદીઓ તરફે પુર્ણ થયાનું જાહેર કરેલ છે.

(૭) વાદી પક્ષ તરફે વિ.વ.શ્રી વી. વી. મહેશ્વરીએ આંક–૬૭ થી તથા પ્રતિવાદી પક્ષ તરફે વિ.વ.શ્રી કે. બી. ઓઝાએ આંક–૬૮ થી લેખિત દલીલ રજુ કરેલ છે, જે ઘ્યાને તથા વંચાણે લીધી.

**–: નિર્ણયનાં કારણો :–**

(૮) આ કામે ઘડવામાં આવેલ મુદા અન્વયે પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન કરતા પહેલા પુરાવાના મુલ્યાંકનના સિઘ્ધાંતો ઘ્યાને લેતા જે હકીકત પ્લીડીંગ એટલે કે દાવા અરજી અને દાવા જવાબમાં

દર્શાવેલ ન હોય તે હકીકતનો પુરાવો ધ્યાને લઈ શકાય નહીં. ભારતીય પુરાવાના કાયદાની જોગવાઈ તથા સી.પી.સી.ની જોગવાઈ ધ્યાને લેતાં વાદી કે પ્રતિવાદીએ જે હકીકત પોતાની દાવા અરજી કે દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે અંગેનો પુરાવો આવે તો પણ પ્લીડીંગમાં તેનો આધાર ન હોય તે હકીકત ઉપર આધાર રાખી શકાય નહીં.

(૯) ભારતીય પુરાવા અધિનિયમના પ્રકરણ–૭ માં કલમ–૧૦૧ માં સાબિતીના બોજા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે જે વંચાણે લેતા તે નીચે મુજબ છે.

**<u>કલમ–૧૦૧ :</u>– કોઈ પણ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનૂની અધિકાર અથવા જવાબદારી અંગે ચૂકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબીત કરવું પડે. જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબીત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે તે વ્યકિત પર સાબીતીનો બોજો છે.**

ઉપરોકત કલમ વંચાણે લેતાં વાદીના દાવાની કોઈ બાબતો અંગે જયારે પ્રતિવાદીએ વિધાનો વિરૂધ્ધ કબૂલ કર્યા હોય ત્યારે તેવી બાબતો વાદી ધ્વારા હકારાત્મક રીતે પુરવાર કરવી પડે. જો વાદી આવી હકીકત હકારાત્મક પુરાવાથી પુરવાર કરી શકે તો તેથી વિપરીત સાબીત કરવાનો બોજો પ્રતિવાદી ઉપર ખસે છે. નામદાર સુપ્રિમ કોર્ટ **અનિલભાઈ ઋષિભાઈ વિ. ગુરૂબક્ષસિંહ [એ.આઈ.આર. ૨૦૦૬ સુ.કો.૧૯૭૧]** ના ચૂકાદામાં ઠરાવેલ છે કે, કલમ–૧૦૧ નો પ્રાથમિક નિયમ અપરિવર્તશીલ છે અને આ

આરંભિક બોજો હંમેશા વાદીના શીરે છે અને જો તેનું તે પાલન કરે અને પોતાના દાવાની દાદ માટે પોતે હકકદાર હોવાનું સાબિત કરે ત્યારે તેથી વિપરીત સાબીત કરવાનો બોજો પ્રતિવાદી તરફ ખસે છે, આવા સંજોગોમાં પુરાવાનો બોજો તબદીલ થાય છે.

આમ, ઉપરોકત ઠરાવામાં આવેલ સિધ્ધાંતો તથા કેસની હકીકત તથા બન્ને પક્ષકારો ધ્વારા કરવામાં આવેલ દલીલોને ધ્યાને લઈને આ દાવાના પુરાવાની આગળ ઉપર ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૦) <u>મુદા નં.૧ થી ૪</u>

**૧. શું વાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી મિલ્કત તેમની વડીલોપાર્જીત મિલ્કત છે ?**
**૨. શું વાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી મિલ્કત વાદીઓના વડીલ પ્રતિવાદીઓના વડીલ પાસે સંવત ૧૯૬૫ માં કબજા ગીરોથી કોરી ૨૫૦૦ માં ગીરો મુકેલ છે ?**
**૩. શું વાદીઓ પુરવાર કરે છે કે, તેઓ દાવાવાળી મિલ્કત પ્રતિવાદીઓ પાસેથી ગીરો મુકત કરાવવા હકકદાર છે ?**
**૪. શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, દાવાવાળી મિલ્કત પ્રતિવાદી નં.૬ ની માલિકી તથા કબજા ભોગવટાની છે ?**

ઉપરોકત તમામ મુદ્દાઓની હકીકત પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી પુનરાવર્તન ટાળવાના આશયથી તમામ મુદાઓની ચર્ચા અત્રે એક સાથે કરવામાં આવેલ છે.

હવે, હાલના કેસમાં પક્ષકારો વચ્ચે મુખ્ય તકરાર વાદગ્રસ્ત મિલકત વિટાંતર હેઠળ છે કે કેમ તેને લગતી છે. જે સંબંધે મીલકત તબદીલી અધિનિયમ ૧૮૮૨ ની કલમ–૫૮ માં ગીરો, ગીરો મુકનાર, ગીરોદાર, ગીરોની રકમ, ગીરો ખતની વ્યાખ્યા તથા ગીરો કેટલા પ્રકારના હોય છે તે અંગે જણાવવામાં આવેલ વિગતો ધ્યાને લેવી

જરુરી બને છે.

**<u>ગીરો એટલે લોન તરીકે ધીરેલી કે ધીરવાની રકમ, વિધમાન કે ભવિષ્યનું દેવું અથવા કોઈ નાણાંકીય જવાબદારી ઉભી કરે એવા વચનબંધનના પાલન માટે કોઈ નિર્દિષ્ટ સ્થાવર મિલ્કતમાંના હિતની તબદિલી.</u>**

**<u>તબદિલ કરનાર ગીરો મુકનાર કહેવાય અને તબદિલીથી મેળવનાર ગીરોદાર કહેવાય.</u>**

હાલના કેસમાં પણ વાદી પક્ષે વાદગ્રસ્ત જમીનના મુળભુત માલિક જાડેજા કારૂભા તેજમાલજી હતા અને તેઓએ સદરહુ ખેતીની જમીન સંવત ૧૯૬૫ માં ૨૫૦૦ કોરીમાં શાહ ગાંગજી વેલજી પાસેથી કબજા ગીરોથી ગીરો મુકવામાં આવેલ હોવાનું કથન કરેલ છે. જેથી મિલકતનો કબજો સોંપવામાં આવેલ હોય ત્યારે તકરારી મીલકતને સાદો ગીરો કે અંગ્રેજી ગીરો કે શરતી ગીરો કે ભોગ્ય ગીરો હેઠળ ગીરો મુકેલ છે તે નક્કી કરવુ આવશ્યક બને છે. જે માટે મિલકત તબદીલી અધિનિયમમાં દર્શાવેલ વિવિધ ગીરોની વ્યાખ્યા વંચાણે લેવામાં આવે તો–

(૧) **સાદો ગીરો**– ગીરો મુકેલી મિલકતનો કબજો સોંપ્યા વિના, ગીરો મુકનાર ગીરોની રકમ ચુકવવા માટે જાતે બંધાય, અને સ્પષ્ટ રીતે અથવા ગર્ભિત રીતે કબુલાત કરે કે કરાર અનુસાર પોતે લેણી રકમ ચુકવે નહિ તો, ગીરો મુકેલી મિલકત વેચાણ કરાવીને ઉપજે તે રકમનો, જરૂરી હોય ત્યાં સુધી ગીરોની રકમ વસુલ કરવા માટે ઉપયોગ કરવાનો ગીરોદારને હક છે, ત્યારે તે વ્યવહાર સાદો ગીરો અને ગીરોદાર સાદો ગીરોદાર કહેવાય.

(૨) **શરતી વેચાણથી ગીરો**– ગીરો મુકનાર ગીરો મુકેલી દેખીતી

રીતે એવી શરતે વેચે કે– અમુક તારીખે ગીરોની રકમ ચુકવવામાં આવે કસુર થયે તે વેચાણ પાકુ થશે અથવા તેવી રકમ ચુકવી દેવામાં આવે તે વેચાણ રદ થશે, અથવા તે રકમ ચુકવી દેવામાં આવે એટલે ખરીદનારે તે મિલકત વેચનારને તબદિલ કરી આપવી જોઈશે. ત્યારે તે વ્યવહાર શરતી વેચાણથી ગીરો અને ગીરોદાર શરતી વેચાણથી ગીરો રાખનાર કહેવાય. પરંતુ જે દસ્તાવેજથી વેચાણ થયું હોય અથવા થવાનું અભિપ્રેત હોય તેમાં તે શરત સામેલ કરવામાં આવી હોય તો, એવા કોઈ વ્યવહારને ગીરો તરીકે ગણવામાં આવશે નહિ.

(૩) **ભોગ્ય ગીરો**– ગીરો મુકનાર, ગીરોદારને ગીરો મુકેલી મિલકતનો કબજો સોંપી દે અથવા સ્પષ્ટ રીતે અથવા ગર્ભિત રીતે પોતે કબજો સોંપવા માટે બંધાય અને ગીરોની રકમ ચુકવાય નહિ ત્યાં સુધી તે મિલકતનો કબજો રાખવાનો અને તેમાંથી ઉત્પન્ન થતું ભાડું અને નફો અથવા તેનો કોઈ ભાગ મેળવવાનો અને તે રકમનો વ્યાજને બદલે અથવા ગીરોની રકમ વસુલ કરવા માટે અથવા અંશત વ્યાજને બદલે અથવા અંશત ગીરોની રકમ વસુલ કરવા માટે વિનિયોગ કરવાનો ગીરોદારને અધિકાર આપે, ત્યારે તે વ્યવહાર ભોગ્ય ગીરો અને ગીરોદાર ભોગ્ય ગીરોદાર કહેવાય.

(૪) **અંગ્રેજી ગીરો**– ગીરો મુકનાર અમુક તારીખે ગીરોની રકમ ભરપાઈ કરવા માટે પોતે બંધાય, અને ગીરોદારને ગીરો મુકેલી મિલકત સંપુર્ણપણે તબદિલ કરી આપે પણ તે એવી શરતે કે કબુલાત થયા મુજબ ગીરોની રકમ ભરપાઈ થઈ જતા ગીરો મુકનારને તે મિલકત તે પાછી તબદિલ કરી આપશે, ત્યારે તે મિલકત વ્યવહાર અંગ્રેજી ગીરો કહેવાય.

(૫) **હકપત્ર મુકીને ગીરો**– કલકતા, મદ્રાસ અને શહેરમાં, અને

સંબંધિત રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામું પ્રસિધ્ધ કરીને, આ માટે નિર્દિષ્ટ કરે તેવા કોઈ પણ બીજા શહેરમાં, કોઈ વ્યકિત સ્થાવર મિલકતની જામીનગીરી આપવાના ઈરાદાથી કોઈ લેણદારને અથવા તેના એજન્ટને તેના માલીકી હકના દસ્તાવેજો આપે, ત્યારે તે વ્યવહાર હકપત્ર મુકીને ગીરો કહેવાય.

(૬) **વિલક્ષણ ગીરો**– આ કલમના અર્થ અનુસાર જે ગીરો સાદો ગીરો, શરતી વેચાણથી ગીરો, ભોગ્ય ગીરો, અંગ્રેજી ગીરો કે હકપત્ર મુકીને ગીરો ન હોય તે વિલક્ષણ ગીરો કહેવાય.

હાલના કેસમાં વાદીઓની દાવા અરજી તથા રજુ કરેલા દસ્તાવેજો જોતા તેમા એવી સ્પષ્ટતા કરવામાં આવેલ નથી કે સદરહુ ગીરો કયા ગીરોના પરીપ્રેક્ષમાં આવે છે. વધુમાં, વાદી પક્ષે તેમની દાવા અરજીમાં કબજા ગીરોનું કથન કરેલ છે પરંતુ તેમના ઘ્વારા સદર કબજા ગીરો હોવાનું પુરવાર કરવા સારૂ સમર્થનમાં કોઈ ગીરો ખત પણ રજુ કરવામાં આવેલ નથી. જેથી વાદી પક્ષ તરફે સદરહુ ગીરો કયા ગીરોના પરિપ્રેક્ષમાં આવે છે તેની કોઇ સ્પષ્ટતા થતી ન હોવાથી કહેવાતો ગીરો શંકાસ્પદ બને છે.

**(૧૦.૧)** સદરહુ મુદ્દાઓ પૈકી મુદા નં.૧ થી ૩ પુરવાર કરવાનો બોજો વાદી પક્ષ ઉપર તથા મુદા નં.૪ પુરવાર કરવાનો બોજો પ્રતિવાદી પક્ષ પર રહેલો છે. આ કામે વાદી પક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવા ઘ્યાને લેવામાં આવે તો વાદી નં.૧– નવલસિંહ ઉર્ફે નવુભા જીતુભા જાડેજાએ આંક–૪૨ થી તેમનું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેઓએ દાવા અરજીની હકીકતોને વળગી રહેલ છે. પ્રતિવાદીઓના વિ.વ.શ્રી ઘ્વારા તેમની લંબાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ

છે જેમા તેઓએ જણાવેલ છે કે ''અમો કારૂભા તેજમાલજી જાડેજાના વારસો હોવા અંગે આ કામે કોઈ પેઢીનામુ રજુ કરેલ નથી, એ વાત ખરી છે કે સંવત ૧૯૬૫ માં ૨૫૦૦ કોરીમાં ગીરો મુકવા અંગેનો દસ્તાવેજી આધાર આ કામે રજુ કરેલ નથી, એ વાત ખરી છે કે કારૂભા તેજમાલજી જાડેજા કયારે અવસાન પામેલા તેની હકીકત દાવા કામે જણાવેલ નથી.'' તેઓએ વધુમાં જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે હાલ સર્વે નં.૪૭૮ વાળુ ઠામ પ્રતિવાદી નં.૫ ના કબજામાં છે, એ વાત ખરી છે કે દાવાવાળુ ઠામ કારૂભા તેજમાલજી જાડેજાની માલિકીનું હોવા અંગેનો કોઈ પણ દસ્તાવેજી આધાર આ કામે રજુ કરેલ નથી.''

**(૧૦.૨)** વધુમાં, આ કામે વાદી નં.૨ હરદેવસિંહ નટુભા ઉર્ફે નિર્મલસિંહ જાડેજાએ આંક–૫૩ થી તેમનું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેઓએ દાવા અરજીની હકીકતોને વળગી રહેલ છે. સદરહુ વાદીની પ્રતિવાદીઓના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે ''અમો કારૂભા તેજમાલજી જાડેજાના વારસો હોવા અંગે આ કામે કોઈ પેઢીનામુ રજુ કરેલ નથી.'' તેઓએ વધુમાં જણાવેલ છે કે ''કારૂભા તેજમાલજી જાડેજા કયારે અવસાન પામેલા તેની હકીકત દાવા કામે જણાવેલ નથી, એ વાત ખરી છે કે કારૂભા તેજમાલજી જાડેજાના વારસ હોવા અંગેનો કોઈ વારસા સર્ટીફીકેટ મેળવેલ નથી, એ વાત ખરી છે કે હાલ સર્વે નં.૪૭૮ વાળુ ઠામ પ્રતિવાદી નં.૬ ના કબજામાં છે, એ વાત ખરી છે કે દાવાવાળુ ઠામ કારૂભા તેજમાલજી જાડેજાની માલિકીનો હોવા અંગેનો કોઈ પણ દસ્તાવેજી આધાર આ કામે રજુ કરેલ નથી.''

આ કામના વાદી નં.૧ તથા ૨ ની ઉપરોકત ઉલટતપાસ

ધ્યાને લેતા, તેઓ કારૂભા તેજમાલજી જાડેજાના વારસ હોવા અંગેનું પેઢીનામુ રજુ કરેલ ન હોય, તેઓ કારૂભા તેજમાલજી જાડેજાના વારસ હોવા અંગેની હકીકત પુરવાર કરવામાં તદ્દન નિષ્ફળ નીવડેલ છે. વધુમાં, વાદીઓએ પોતે સ્વીકારેલ છે કે કહેવાતા ગીરો અંગેનો દસ્તાવેજી આધાર આ કામે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, વાદીઓએ સ્વીકારેલ છે કે દાવાવાળુ ઠામ કારૂભા તેજમાલજી જાડેજાની માલિકીનો હોવા અંગેનો કોઈ પણ દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. વધુમાં, આ કામે વાદીઓની દાવા અરજીમાં જણાવવામાં આવેલ હકીકતો જોતા કહેવાતો ગીરો ૨૫૦૦ કોરીનો હતો અને વાદીઓએ ૨૫૦૦ કોરીનું હાલના ચલણમાં રૂપાંતર રૂા.૮૩૩/- જણાવેલ છે. જે સંદર્ભે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ-૫૯ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે :-

**Section 59: Mortgage when to be by assurance.**

*59. Where the principal money secured is one hundred rupees or upwards, a mortgage 1[other than a mortgage by deposit of title-deeds], can be effected only by a registered instrument signed by the mortgagor and attested by at least two witnesses.*

*Where the principal money secured is less than one hundred rupees, a mortgage may be effected either by 2[a registered instrument] signed and attested as aforesaid, or (except in the case of a simple mortgage) by delivery of the property.*

ઉપરોકત જોગવાઈ અનુસાર સાદો ગીરો અને ટાઈટલ ડીડ જમા

કરીને ગીરો જે ફરજીયાતપણે નોંધણીપાત્ર નથી, પરંતુ હાથ ઉપરના કેસમાં વાદીઓએ કબજા ગીરો હોવાનું કથન કરેલ છે, જેથી રૂપિયા સો કે તેનાથી ઉપરની રકમનું હોવાથી રજીસ્ટર્ડ કરાવવુ ફરજીયાત છે. જો કે વાદીઓએ તેમની દાવા અરજીમાં કે પુરાવાના સોગંદનામામાં તે સંબંધે કોઈ જ સ્પષ્ટતા કરેલ નથી. વધુમાં, આ કામના વાદીઓએ તેમની દાવા અરજીમાં જણાવેલ છે કે તેઓ દાવાવાળા ઠામનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીઓ ધરાવે છે, પરંતુ તેમની ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે દાવાવાળા ઠામનો કબજો પ્રતિવાદી નં.૬ ધરાવે છે.

(૧૦.૩) આ કામે વાદી પક્ષે સમર્થનમાં આંક–૫૪ થી સાહેદ ગીરીશસિંહ રાસુભા જાડેજાનું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે, દાવાવાળુ ઠામ સંવત ૧૯૬૫ માં ૨૫૦૦ કોરીમાં શાહ ગાંગજી વેલજી પાસેથી કબજા ગીરોથી ગીરો મુકવામાં આવેલ અને દાવાવાળી જમીનની માલિકી કારૂભા તેજમાલજી જાડેજાની હતી, દાવાવાળુ ઠામ આ કામના વાદી ખેડ પોખ કરે છે અને પાક લે છે અને તેઓએ દાવાવાળી મિલ્કત ઉપર વાદીને જરૂર પડે ત્યારે ખેત મજૂરી અર્થે વાદી બોલાવે ત્યારે જાય છે. પ્રતિવાદીના વિ.વ.શ્રી દ્વારા તેમની ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમા તેઓએ જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે કારૂભા તેજમાલજી જાડેજા સાથે મારી હાજરીમાં આ દાવાવાળા ખેતર બાબતે કોઈ વ્યવહાર થયેલ નથી, એ વાત ખરી છે કે હાલના સર્વે નં.૪૭૮ વાળુ ઠામ ઠાકરશી કેશવજી ગડાના નામે આવેલ છે, એ વાત ખરી નથી કે સર્વે નં.૪૭૮ વાળા ઠામનો કબજો ઠાકરશી કેશવજી ગડા પાસે આવેલ છે, સાહેદ સ્વેચ્છાએ જણાવેલ છે કે સર્વે નં.૪૭૮ વાળુ ઠામ મારા

કબજા ભોગવટામાં આવેલ છે.''

ઉપરોકત સાહેદે તેમની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે દાવાવાળા ઠામનો કબજો વાદીઓ પાસે છે, જયારે ઉલટતપાસમાં એક બાજુ એવુ સ્વીકારે છે કે દાવાવાળા ઠામનો કબજો પ્રતિવાદી નં.૬ ધરાવે છે અને બીજી બાજુ સ્વેચ્છાએ જણાવે છે કે દાવાવાળા ઠામનો કબજો તેઓ ધરાવે છે, જે હકીકતો એકબીજાથી વિરોધાભાષી છે.

**(૧૦.૪)** વાદી પક્ષ તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આ કામે વાદીએ આંક–૪૪ થી સર્વે નં.૩૦૪ ના ટીપ્પણની ખરી નકલ રજુ કરેલ છે, જેમા માલધણી તરીકે જાડેજા જીતુભા કારૂભા તથા દોકડામાં શાહ ગાંગજી વેલુનું નામ જણાય આવે છે, જયારે આંક–૪૫ થી સર્વે નં.૩૦૫ ના ટીપ્પણની ખરી નકલ રજુ કરેલ છે, જેમા માલધણી તરીકે જાડેજા જીતુભા કારૂભા તથા દોકડામાં શાહ વિસનજી દેવજીનું નામ જણાય આવે છે. વધુમાં, આ કામે વાદી તરફે આંક–૪૬ થી સવે નં.૪૭૮ ના ગામ નમુના નં.૭ રજુ કરેલ છે જેમા કબજેદારના કોલમમાં ઠાકરશી કેશવજી ગડા અને બીજા હકકો અને બોજાની વિગતોમાં જાડેજા જીતુભા કારૂભાનો બોજો છે તેમ જણાવેલ છે. વધુમાં, આંક–૪૭ થી વાદીએ હકક પત્રક નોંધ દાખલ કરવા અંગેની અરજીની નકલ રજુ કરેલ છે જે અરજી નવીન કલ્યાણજી શાહ એટલે કે મુળ પ્રતિવાદી નં.૪ નાઓ ધ્વારા કરવામાં આવેલ છે. વાદી પક્ષ તરફે જે અરજી સાથે અઘાટ વેંચાણનો દસ્તાવેજ નં.૧૪૭૨/૨૦૧૬ રજુ કરેલ છે, જે જોતા પ્રતિવાદી નં.૬ નાઓએ દાવાવાળુ ઠામ પ્રતિવાદી નં.૧ થી ૫ વાળા પાસેથી રૂા.૭૧૦૦૦૦/– માં રજીસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદેલ હોવાનું પુરવાર થાય છે. સદરહુ અરજી

સાથે સંલગ્ન કાગળો પૈકી નોંધ નં.૨૦/૧ જોતા જાડેજા જીતુભા કારૂભા ઈનામ ધારાની કલમ–૭/૩ હેઠળ મળેલ હોવા અંગેની નોંધ તેમજ ગીરોની રકમ ભરવાની શરતે કબજા હકક પ્રાપ્ત થશે તેવી નોંધ છે. આ કામે વાદીએ સદરહુ અરજીની સાથે નોંધ નં. ૯૭૧ વાળી રજુ કરેલ છે, જે જોતા ગાંગજી વેલજી અવસાન પામતા તેમના વારસો અંગેની નોંધ છે. તે સિવાય સદરહુ અરજી સાથે ઉતરોતર થયેલ નોંધો અંગેની ખરી નકલ રજુ કરેલ છે. આ કામે આંક–૪૮ થી વાદીઓએ પ્રતિવાદીઓને મોકલેલ નોટીસની ઓફિસ કોપી રજુ કરેલ છે તથા આંક–૪૯ થી ભારતીય ડાકની પાવતીઓ રજુ કરેલ છે, આંક–૫૦ થી ૫૨ સુધી વાદીઓએ પ્રતિવાદીઓને મોકલેલ નોટીસની રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલેલ બંધ કવર જે વગર બજે પરત આવેલ છે તે રજુ કરેલ છે.

**(૧૦.૫)** જયારે આ કામે પ્રતિવાદી નં.૬ નાઓએ આંક–૬૦ થી તેમનું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેઓએ તેમના દાવા જવાબ મુજબની હકીકતોને વળગી રહેલ છે. ત્યાર બાદ વાદીઓના વિ.વ.શ્રી દ્વારા તેમની લંબાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ વાદીના કેસને મદદરૂપ કરતી કોઈ પણ હકીકત નીકળી આવેલ નથી. વધુમાં, આ કામે પ્રતિવાદી તરફે આંક–૬૫ થી પ્રતિવાદી નં.૬ ના ગામ નમુના નં.૬ હકક પત્રકની ખરી નકલ રજુ કરવામાં આવેલ છે જે જોતા રજીસ્ટર્ડ દસ્તાવેજ નં.૧૪૭૨/૨૦૧૬ થી અઘાટ વેંચાણથી રૂા.૭૧૦૦૦૦/– માં પ્રતિવાદી નં.૬ વાળાઓએ દાવાવાળુ ઠામ પ્રતિવાદી નં.૧ થી ૫ વાળા પાસેથી ખરીદેલ હોવાનું પુરવાર થાય છે. ઉપરાંત, દસ્તાવેજ નં.૧૪૭૨/૨૦૧૬ આ કામે વાદી દ્વારા આંક–૪૭ વાળા દસ્તાવેજના સંલગ્ન કાગળોમાં રજુ કરવામાં

આવેલ છે, તેથી દાવાવાળુ ઠામ પ્રતિવાદી નં.૬ ની માલિકી અને કબજા ભોગવટાનું હોવાનું પુરવાર કરવામાં પ્રતિવાદી પક્ષ સફળ રહેલ છે.

(૧૦.૬) આમ, વાદી પક્ષ તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, તેમના તરફે કોઈ ગીરો ખત રજુ કરેલ નથી, વાદીઓ તેમનો દાવાવાળા ઠામમાં કબજો હોવાનું પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે તેમજ વાદીઓ તેમની ઉલટતપાસમાં પોતે સ્વીકારેલ છે કે દાવાવાળુ ઠામ પ્રતિવાદીઓના કબજામાં આવેલ છે. આમ, ઉપરોકત થયેલ સમગ્ર ચર્ચા મુજબ **મુદા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં** તથા **મુદા નં.૪ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

(૧૧) <u>મુદા નં.૫</u>

**૫. શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, સદરહુ દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે ?**

સદરહુ મુદ્દો પુરવાર કરવાનો બોજો પ્રતિવાદી પક્ષ પર રહેલ છે. પ્રતિવાદી પક્ષે વાદીઓના દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે તેવી તકરાર ઉપસ્થિત કરેલ છે. જેના અનુસંધાને હાલના દાવાવાળો વ્યવહાર કયા ગીરોના પરિપ્રેક્ષમાં આવે છે તેની સ્પષ્ટતા વાદી પક્ષ તરફે તેમની દાવા અરજીમાં કરવામાં આવેલ નથી. અગાઉ ઉપરોકત મુદા નં.૧ થી ૩ લગત થયેલી ચર્ચા મુજબ સદરહુ ગીરોનું અસ્તિત્વ જ શંકાસ્પદ બની જાય છે. વાદીઓએ તેમની દાવા અરજીમાં જણાવેલ છે કે ''વન્સ એ મોર્ગેજ ઓલ્વેઝ એ મોર્ગેજ''ના સિધ્ધાંત પ્રમાણે ગીરોને લગતા કેસોને સમય મર્યાદાનો બાધ નડતો નથી. સદર

અધિકાર બાબતે **ના. સર્વોચ્ચ અદાલતે સીવીલ અપીલ નં. ૫૧૯૮/ ૨૦૦૮ થી Singh Ram (D) Tr. Lr vs Sheo Ram** & **Ors** ના ચુકાદામાં અવલોકન કરેલ છે કે,

15. *We, thus, hold that* ***special right of usufructuary mortgagor under Section*** *62* ***of the T.P. Act to recover possession commences in the manner specified therein, i.e., when mortgage money is paid out of rents and profits or partly out of rents and profits and partly by payment or deposit by mortgagor. Until then, limitation does not start for purposes of Article*** *61* ***of the Schedule to the Limitation Act.*** *A usufructuary mortgagee is not entitled to file a suit for declaration that he had become an owner merely on the expiry of 30 years from the date of the mortgage. We answer the question accordingly.*

**નામદાર સર્વોચ્ચ અદાલતે સીવીલ અપીલ નં.૧૫૪૧/ ૨૦૧૧ RAM RATTAN (DEAD) BY LRS. Vs DEVI RAM & ORS**.ચુકાદામાં અવલોકન કરેલ છે કે,

*The plaintiff is in appeal before this Court. The plaintiff is the Mortgagee under Ram Lal, Mortgagor. The grievance of the appellants is that the Mortgage was 45 years before filing of the suit, therefore, they have become owners of the suit property.* ***The Full Bench of Punjab and Haryana High Court, in "Ram Kishan*** *&* ***Ors. Vs. Sheo Ram*** *&* ***Ors.", has held that there is no limitation period in***

***case of usufructuary mortgage. "Once a mortgage always a mortgage" was the principle applied. The said Judgment has been upheld by this Court in "Singh Ram (D) Through LRS Vs. Sheo Ram & Ors." reported in*** (2014) 9 ***SCC*** 185.

ઉપરોક્ત મુજબ ના. સર્વોચ્ચ અદાલતના ઠરાવ્યા મુજબ ભોગ્ય ગીરો માટે કોઇ સમય મર્યાદા હોતી નથી, પરંતુ આ કામે જયારે પોતે ગીરો શંકાસ્પદ છે તથા વાદી પક્ષ તરફે સદરહુ ગીરો કયા ગીરોના પરિપ્રેક્ષમાં આવે છે તેની કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ ન હોવાથી તથા ગીરો અંગેના દસ્તાવેજો રેકર્ડ પર ન હોવાથી એવુ માની શકાય નહિ કે સદરહુ ગીરો ભોગ્ય ગીરોના પરિપ્રેક્ષમાં આવે છે. આ કામે વાદીઓએ ઘણા લાંબા સમય પછી સદરહુ દાવો દાખલ કરેલ છે. વધુમાં, વાદીઓએ તેમની દાવા અરજીમાં દાવાનું કારણ જયારે તેઓએ પ્રતિવાદીઓને નોટીસ મોકલેલી ત્યારથી જણાવે છે, પરંતુ ફકત નોટીસ મોકલી દેવાથી દાવાનું કારણ ઉત્પન્ન થઇ જતુ નથી. દાવાના કારણ અંગે વાદીઓએ દાવા અરજીમાં જણાવેલ છે કે, ''દાવાવાળી જમીન જે ગામ ભોજાય, તા.માંડવીની સીમ હદમાં આવેલ છે જે ખેતર નામે ખડીયો, જેના રેવન્યુ સર્વે નં.૪૭૮ જેના જુના રેવન્યુ સર્વે નં. ૩૦૪ જેનું ક્ષેત્રફળ હેકટર ૪-૦૦-૦૮ વાળી ખેતીની જમીન સંવત ૧૯૬૫ માં કબજાગીરોથી વાદીઓના વડીલોએ પ્રતિવાદીઓના વડીલ પાસે મુકેલ હોતા તે ગીરો મુકત કરાવવા માટે વાદીએ પ્રતિવાદીને તા.૧૨-૭-૨૦૨૦ ના રોજ લીગલ નોટીસ પાઠવતા અને તે નોટીસનો પ્રતિવાદીઓએ કોઇ જવાબ આપેલ નથી, જેથી દાવાનું કારણ પ્રતિવાદીઓ વિરૂઘ્ધ ઉભુ થયેલ છે'' તેમ જણાવેલ છે, પરંતુ કઇ તારીખે, કેટલા વર્ષની બંધી, કઇ શરતોએ

વીટાંતર મુકવામાં આવેલ હતુ તેની કોઈ સ્પષ્ટતા વાદી પક્ષ તરફે કરવામાં આવેલ નથી. તેથી દાવા અરજીની હકીકતો ધ્યાને લેતા સદરહુ દાવો ઘણા લાંબા સમય પછી દાખલ કરવામાં આવેલ છે. હવે, ગીરોકર્તાના ગીરો વિમોચનનો અધિકાર ઉત્પન્ન થયાના ૩૦ વર્ષની અંદર દાવો દાખલ કરવાની જોગવાઈ સમય મર્યાદા અધિનિયમ ના અનુચ્છેદ–૬૧(એ) માં કરવામાં આવેલ છે. તેથી સદરહુ દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોવાનું સ્પષ્ટપણે જણાય આવતુ હોય, **મુદા નં.૫ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

(૧૨) **મુદા નં.૬**

**૬. શું વાદીઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?**

કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ કોઈ પણ દાવામાં વાદી તેમની દાવા અરજીની હકીકતો સબળ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ આધારે ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ અદાલત સમક્ષ પુરવાર કરે તે બાદ જ વાદીએ તેમની દાવા અરજીમાં માંગણી કરેલ દાદ પૈકી કઈ દાદ મેળવવા તે હકકદાર બને છે અને કઈ દાદ મેળવવા તે હકકદાર બનતા નથી તેનો નિર્ણય કરવાનો રહે છે. જે અનુસાર વાદીઓએ હાલના દાવામાં ગામ–ભોજાય, તા.માંડવીની સીમ હદમાં આવેલ ખેતીની જમીન ખેતર નામે ''ખડિયો'' જેના રેવન્યુ સર્વે નં.૪૭૮ જુના રેવન્યુ સર્વે નં.૩૦૪ જેનું ક્ષેત્રફળ હેકટર ૪–૦૦–૦૮ વાળી ખેતીની જમીન વાદીઓના વડીલ કારૂભા તેજમાલજીનાઓએ સંવત ૧૯૬૫ માં પ્રતિવાદી નં.૧ થી ૫ ના વડીલ શાહ ગાંગજી વેલજી પાસે કબજાગીરોથી કોરી ૨૫૦૦ માં મુકવામાં આવેલ છે અને તે રીતે વાદી કારૂભા તેજમાલજીના વારસ પુત્ર હોય

તેમજ પ્રતિવાદી નં.૧ થી પ વાળાના શાહ ગાંગજી વેલજીના ઉપરોતર વારસદારો હોય આ જમીન વાદી પ્રતિવાદી પાસેથી ગીરો મુકત કરાવવા માટે હકક અધિકાર ધરાવે છે તેવુ ઠરાવી પ્રતિવાદી નં.૧ થી પ વાળા વાદી પાસેથી કોરી ૨૫૦૦ નું હાલના ચલણનું રૂપાંતર કરતા રૂા.૮૩૩/– સ્વીકારી પ્રતિવાદી નં.૧ થી પ વાળા ગીરો મુકિતનો ખત વાદીની તરફેણનો કરી આપે તેમજ અસલ ગીરો ખત પ્રતિવાદીઓ વાદીને સોંપી આપે તેવો હુકમ તેમજ હુકમનામુ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા, તેમજ પ્રતિવાદી નં.૧ થી પ વાળાએ પ્રતિવાદી નં.૬ ની તરફેણનો તા.૧૧–૫–૨૦૧૬ નો દાવાવાળી જમીન એટલે કે ગામ ભોજાય તા.માંડવીની સીમમાં આવેલ ખેતીની જમીન રેવન્યુ સર્વે નં. ૪૭૮ જેના જુના સર્વે નં.૩૦૪ જેના હેકટર ૪–૦૦–૦૮ વાળાનો કરવામાં આવેલો વેંચાણ દસ્તાવેજ બિનઅમલી હોવાનો તેમજ વાદીને કે દાવાવાળી જમીનને બંધનકર્તા નથી તેવુ ઠરાવી આપતો હુકમ તેમજ હુકમનામુ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા, તેમજ આ કામના પ્રતિવાદી નં.૧ થી ૬ વાળાએ દાવાવાળી જમીન ઉપર કોઈ ભાર બોજ ઉભો કરેલ હોય તો તે માટે વાદી કે દાવાવાળી જમીનને બંધનકર્તા નથી તેવુ ઠરાવી તે ભારબોજ પ્રતિવાદીઓએ જાતે ભોગવવો તે મતલબનો હુકમ તેમજ હુકમનામુ થવા સબબની દાદની માંગણી કરેલ છે. આમ, રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા સ્પષ્ટ બને છે કે, દાવાવાળી મિલ્કત વાદીઓની વડીલોપાર્જીત મિલ્કત હોવાની હકીકત વાદી પક્ષે પુરવાર કરેલ નથી. વધુમાં, દાવાવાળી મિલ્કત વાદીઓના વડીલ પ્રતિવાદીઓના વડીલ પાસે સંવત ૧૯૬૫ માં કબજા ગીરોથી કોરી ૨૫૦૦ માં ગીરો મુકેલ હોવાની હકીકત વાદી પક્ષે પ્રસ્થાપિત કરેલ નથી. વધુમાં, આ કામના વાદીઓ

દાવાવાળી મિલ્કત પ્રતિવાદીઓ પાસેથી ગીરો મુકત કરાવવા હકકદાર હોવાની હકીકત વાદી પક્ષ ધ્વારા પુરવાર કરેલ નથી. જેનાથી વિપરીત દાવાવાળી મિલ્કત આ કામના પ્રતિવાદી નં.૬ ની માલિકી તથા કબજા ભોગવટાની હોવાનું પ્રતિવાદી પક્ષે પુરવાર કરેલ છે. વધુમાં, વાદીઓના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોવાની હકીકત પ્રતિવાદી પક્ષે પુરવાર કરેલ છે. આમ, વાદી પક્ષ તેમની દાવા અરજીની મહત્વની હકીકતો અદાલત સમક્ષ પુરવાર કરી શકેલ ન હોય, તેમની દાવા અરજીમાં માંગણી કર્યા મુજબની કોઈ પણ દાદ મેળવવા હકકદાર બનતા નથી. જેથી **મુદા નં.૬ નો જવાબ આથી નકારમાં** આપવામાં આવે છે.

(૧૩) **મુદા નં.૭**

ઉપરોકત મુજબ મુદા નં.૧ થી ૬ માં કરેલ ચર્ચા, કારણો તથા નિર્ણયના અનુસંધાને ન્યાયના વિશાળ હિતમાં **મુદા નં.૭ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ** કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

- વાદીઓનો દાવો આથી **ના–મંજૂર યાને રદૃ** કરવામાં આવે છે.
- દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.
- હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૧૩–૦૫–૨૦૨૬
**સ્થળ :** માંડવી

**(શ્રીમતિ સ્વાતિ ખત્રી)**
પ્રિન્સિપાલ સિવિલ જજ, માંડવી–કચ્છ
કોડ નં.જી.જે.૦૧૫૧૭